બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**(વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, બારમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ સાકરબા - મહારાજને (૭/૪૧)
➩ મૂળજી ભક્તને ઘેર જમવાના વારાને દિવસે મહારાજ વહેલા પહોંચી જાય છે ને સાકરબાને પૂછ્યું : 'મા ! તમારા મૂળજી અમને કોઈ દી યાદ કરે છે ?' ત્યારે

૨. ➩ સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) - મહારાજને (૨૩/૧૨૦)
➩ વરતાલ મંદિરના બાંધકામ વખતે જે સંતો હરિભક્તોના શરીર ગારાવાળાં હતા તેને ચંદન માનીને મહારાજ ભેટતા. મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું આવો તમને મળીએ ત્યારે.

૩. ➩ મહારાજ - દરબારોને (૫/૩૩)
➩ યાચક બ્રાહ્મણને મહારાજે ઘોડો આપી, શ્રી કૃષ્ણાર્પણ બોલ્યા અને દરબારોએ હં હં હં એવું કહ્યું ત્યારે મહારાજે કહ્યું.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. શ્રીજીમહારાજે કહ્યું 'તમે પણ મારા પર દયા રાખજો'.
જ. ભુજના ફૂલદોલ સમૈયા પછી વિદાય લેવા આવેલ હરિભક્તોને મહારાજે પોતાના પર દયા રાખવાનું કહ્યું. કારણ કે હરિભક્તોના હૃદયાકાશમાં, જીવમાં સાક્ષીરૂપે મહારાજ બિરાજમાન છે તેથી તે અંતરને ચોખ્ખું રાખવું અને અણીશુદ્ધ વર્તન રાખવું જરૂરી છે. તેથી સારું આચરણ કરવાની દયા રાખવાની વાત કરી. (૯/૫૯-૬૦)

૨. શ્રીજીમહારાજ સામે ચાલીને જૈન સાધુ પાસે ગયા. (૧૮/૧૦૧)
જ. બાળકની ભૂલની ક્ષમા અપાવવા, જૈન સાધુને આદર-સન્માન આપી તેમના મનનું સમાધાન કર્યું. જૈન સાધુને પોતાનો સાધુ-ધર્મ સમજાઈ ગયો.

૩. રામચંદ્ર શેઠે પથ્થરને હાથ અડાડ્યો. (૨/૧૧-૧૨)
જ. માંગરોળમાં દૂધ તળાવડીએ રામચંદ્ર શેઠે મહારાજને કહ્યું હજાર મણનો પથ્થર તળાવને આરે મૂકી દો, તમને સૌ પરમેશ્વર જાણશે એમ કહ્યું ત્યારે મહારાજે તેમને કહ્યું : 'તમો જઈને એ પથ્થરને હાથ લગાડો. તમારા જેવા અમારા સંબંધવાળા ભક્તથી પથ્થર ઊડીને અહીં આવશે.

**પ્ર.૩** 'શિક્ષાપત્રી લોપવી નહિ' (૨૬/૧૩૭) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

મહારાજ બરવાળા પધાર્યા. એક પ્રેમી ભક્તે મહારાજને પ્રેમથી આમંત્ર્યા, અને પોતાનું ઘર સાંકડું હોવાથી, મોટાભાઈના ડેલામાં મહારાજને પૂરા વિશ્વાસથી પધરાવ્યા. તેમણે મહારાજને ઢોલિયો ઢાળી દઈને કહ્યું, 'મહારાજ ! આપ અહીં બિરાજો. હું હમણાં થોડીવારમાં બજારમાં જઈ સીધું-સામાન લઈ આવું. પછી બ્રહ્મચારી પાસે રસોઈ કરાવી આપને ભોજન કરાવું.' મહારાજે કહ્યું, 'ભલે.' પેલા હરિભક્ત સીધું-સામાન લેવા ગયા. બજારમાં સહેજ વાર થઈ. એટલામાં તેનો મોટોભાઈ ડેલામાં દાખલ થયો. તેને મહારાજ વિષે ભાવ નહીં. તેને સાધુ-સંતો પ્રત્યે તિરસ્કાર હતો, તેણે ઊંચે સાદે કહ્યું, 'તમો કોણ છો ? કોની રજાથી આ ડેલામાં દાખલ થયા છો ?' મહારાજે તેને શાંત પાડીને બધું કહ્યું પણ તે માન્યો નહીં. તેણે તો કહ્યું, 'આ મારું ઘર છે. મારી રજા સિવાય મારો નાનો ભાઈ તો શું, પણ મારી સ્ત્રી પણ કોઈને બેસારી શકે નહિ. માટે તમે ડેલો ખાલી કરો.' 'હા ભાઈ, અમે આ ચાલ્યા' કહી મહારાજ હરિભક્તો સાથે ડેલામાંથી બહાર નીકળ્યા. મહારાજે કહ્યું, 'ચાલો આપણે નાવડા જઈએ. આપણે 'શિક્ષાપત્રી' લખી અને આપણે જ તોડી, તો દુઃખ આવ્યું, માટે ભલા થઈને કોઈ શિક્ષાપત્રીની આજ્ઞા લોપશો નહિ.' આ પ્રસંગથી સૌને શિક્ષાપત્રીની મહત્તા સમજાઈ ગઈ. મહારાજ બરવાળાના પાદર પહોંચ્યા ત્યાં પેલા હરિભક્ત સીધું લઈને આવ્યા. તેને બધી ખબર પડી. તેણે મહારાજની માફી માગી, બધું સીધું મહારાજને ચરણે ધરી દીધું. મહારાજે તેને ક્ષમા આપીને શિક્ષાપત્રી પાળવાની આજ્ઞા કરી અને નાવડાની વાટ લીધી.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૫૦/૧ ૧. શ્રીજીમહારાજે સ્વામિનારાયણ મહામંત્ર ફણેણીમાં સંવત્ ૧૮૫૮ના માગશર વદ એકાદશીને દિવસે આપ્યો. (૧/૨)

૨. શ્રીજીમહારાજે એક સાથે આખા અને પીપલાણામાં બે સ્વરૂપે દર્શન આપ્યાં. (૨/૨૦)

૩. છાણીમાં મંદિર થવાથી હરિજનોને પૂજા-સેવા અને કથાવાર્તા કરવાનો અધિકાર મળ્યો. (૨૪/૧૨૮)

૪. મહારાજ ! આપે આવું મોટું મંદિર બાંધ્યું છે, તો આપ અથવા આપના જેવા ફકીરને અહીં રાખજો. (૨૭/૧૩૯)

૫. ડભાણના યજ્ઞમાં નિષ્કુળાનંદ સ્વામીએ 'વર નિર્ગુણ રે, થયાં બ્રહ્મરૂપ .....' કીર્તન રચ્યું. (૯/૫૯)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૩ (૨૯/૧૫૦) ૨. ૩, ૪ (૧૧/૮૦)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. આત્મારામ (૨૮/૧૪૧) ૨. હરિકૃષ્ણ (૨૪/૧૨૧) ૩. એન્ડ્ર્યુઝ ડનલોપ (૧૭/૯૩) ૪. અદ્વૈતાનંદ (૨/૧૧)

**(વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - આઠમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ સયાજી રાવ - નિત્યાનંદ સ્વામીને (૧/૬)

➩ અમદાવાદના આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદે પોતાના જ દેશના વિદ્વાન સંતોની વિદ્વતસભા યોજી હતી. તે તેમને હરાવવા વડોદરાના વિદ્વાનો અમદાવાદ જવા નીકળ્યા હોવાથી સયાજીરાવે સંદેશો મોકલ્યો.

૨. ➩ દાદાખાચર - મહારાજને (૫/૩૭)

➩ એક વૃદ્ધ બાઈએ દરબારમાંથી ચોરી કરી તેથી મહારાજે તેનું માથું કાપી નાખવાની આજ્ઞા કરી ત્યારે.

૩. ➩ જાગાભક્ત - શાસ્ત્રીજી મહારાજને (૭/૫૭)

➩ ભગતજી મહારાજની છેલ્લી સેવાનો લાભ શાસ્ત્રીજી મહારાજને ન મળ્યો તેથી તેઓને દુઃખ થયું ત્યારે કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. કૃષ્ણજી અદાને મંદિરમાં આવવાની બંધી કરી.

જ. શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખવા સારું મંદિરે બહાર પાડેલ નિવેદનમાં કૃષ્ણજી અદાએ સહી ન કરી. જૂનાગઢથી નીકળેલા સંતોને શાસ્ત્રીજી મહારાજના મંડળમાં ભળવા માટે અદાનો સાથ છે તે જાણીને તેમને મંદિરમાં આવવાની બંધી થઈ. (૮/૬૫)

૨. સૌ હરિભક્તોએ આચાર્ય મહારાજની માફી માગી.

જ. જેતલપુર પાસે ગામડી ગામે આચાર્ય મહારાજનું ભારે સ્વાગત કર્યું. ઠાકોરજીને થાળ ધરીને મહારાજને સૌએ દૂધપાક આગ્રહથી પીરસ્યો. સૌના આગ્રહથી મહારાજ રાજી થઈને જમ્યા. હરિભક્તો જમવા બેઠા ત્યારે ખબર પડી કે દૂધપાક તો ઘણો ખારો હતો. ભૂલથી સાકરને બદલે મીઠું નંખાઈ ગયું હતું. સૌને ઘણો પસ્તાવો થયો. સૌ હરિભક્તોએ માફી માંગી. (૪/૨૭, ૨૯)

**પ્ર.૯** 'સાચા ઉપાસક નિત્યાનંદ સ્વામી' (૧/૪-૫) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

શ્રીજીમહારાજના સ્વરૂપને વિષે નિત્યાનંદ સ્વામીને સર્વોપરી ભાવની દૃઢ નિષ્ઠા હતી. વરતાલમાં જ્યારે 'સત્સંગિજીવન' ગ્રંથ લખાતો હતો, ત્યારે મહારાજના સ્વરૂપને વિષે ચર્ચા નીકળી. ઘણા મોટેરા સંતો પરમહંસોએ મહારાજને રામ, કૃષ્ણ વગેરે અવતારો જેવા જ કલ્પ્યા હતા. તે વખતે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : 'શ્રીજીમહારાજ તો સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, પરાત્પર સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. તેમને બીજા અવતાર જેવા કેમ કહેવાય ?' આમ સંતોમાં આ બાબતે મોટો મતભેદ ઊભો થયો. સ્વયં શ્રીજીમહારાજ પણ નિત્યાનંદ સ્વામીના મતથી વિરુધ્ધ પડ્યા. મહારાજે તેમને ઘણું સમજાવ્યા પણ સ્વામી તો તેમના નિશ્ચયમાં પર્વતપ્રાય હતા, તેથી જરા પણ ડગ્યા નહિ. છેવટે તેમને દુરાગ્રહી કહીને શ્રીજીમહારાજે વિમુખ કર્યા. - અખંડ ધ્યાન-ભજનમાં મસ્ત - સાત દિવસ - આઠમા દિવસે શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને સભામાં બોલાવ્યા. તેમની પૂજા કરી પ્રસાદીનો હાર આપ્યો. સૌને ઘણું આશ્ચર્ય થયું. ત્યારે મહારાજે પરમહંસોને નિત્યાનંદ સ્વામી જેવી સમજણ કરવા કહ્યું.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. નિજબોધાનંદ મહારાજની આજ્ઞાથી થોડું સંસ્કૃત ભણ્યા. (૨/૧૨)

૨. જીવાખાચરને દાદાખાચરનો વંશ બતાવવા મહારાજે દાદાખાચરને ફરી પરણાવવાનો સંકલ્પ કર્યો. (૫/૩૮)

૩. ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની મૂર્તિના દર્શન, પ્રસાદી, વાતું ને મળવું એ ચાર સુખ જાગા ભક્તને આપવાનો સંકલ્પ કર્યો. (૭/૫૧)

૪. મૂળજી બ્રહ્મચારી પાસેથી વશરામભાઈએ તેલ ચોપડવા મોજડી લીધી. (૩/૨૩)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : સુથારણબાઈએ મહારાજને આપેલો ઠપકો (૩/૨૩)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | ૨ | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૨ |
| **યથાર્થ ઘટનાક્રમ** | ૧૨ | ૪ | ૨ | ૮ | ૧૦ | ૬ |

**સૂચના : તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **પ્રેમસખી પ્રેમાનંદ : ભુજ બજારમાં** મહારાજ પ્રેમાનંદ સ્વામીના **ગળા**માં પોતાનો હાથ રાખી **કીર્તનો ગાતાં ગાતાં** નીકળેલા તે વખતે **કાવ્યનું** એક **ચરણ** પ્રેમાનંદ સ્વામી બોલે અને **બીજું ચરણ** મહારાજ બોલતા. (૨/૧૪)

૨. **શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ : (અયોધ્યાપ્રસાદજી) આચાર્ય** મહારાજ **અવધ ભુવનમાં માનસી** પૂજામાં **ધ્યાનમગ્ન** હતા. ત્યારે એક **વીંછીએ** તેમના **વાંસા** ઉપર **ચડીને** ડંખ ભર્યો. (૪/૨૯)

૩. **ભક્તરાજ દાદાખાચર : ગઢપુરમાં ઉન્મત્ત ગંગામાં (ઘેલા)** નદીમાં સ્નાન **કરીને પાછા આવતા ટેકરા** ઉપર **સાધુબાવાઓને બેઠેલા** જોઈ **મહારાજે** કહ્યું : આ **સાધુબાવાઓ** માટે **ધર્મશાળા** કરી આપીએ તો ઠીક. (૫/૩૪)

૪. **ભક્તરાજ લાડુબા : લાડુબા**ને **સવારે** મહારાજને **દૂધ** પાવાનો નિયમ હતો. એક દિવસ **દૂધ**માંથી **લસણની દુર્ગંધ** આવવાથી મહારાજે કહ્યું : **ભેંશને ઘેર** બાંધી રાખવી ક્યાંય **ચરવા** જવા દેવી નહિ. (૬/૪૩)

## (વિભાગ - ૩ : નિબંધ)

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. ગુણાતીત ગુરુપરંપરાની અદ્વિતીયતા :** (૧) ગુણાતીતાનંદ સ્વામીથી લઈને વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજ ગુરુ - ગુણાતીત ગુરુપરંપરા અદ્વિતીય કારણ જગતમાં ગુરુપરંપરા વર્ષોથી ચાલી આવતી હોય અને ગુરુ પ્રગટ હોય તેવી ગુરુપરંપરા BAPS માં જ છે. (૨) ગુણાતીત ગુરુપરંપરા એટલે ચોક્કસ સિદ્ધાંતને વરેલી ગુરુપરંપરા - BAPS સંસ્થા રૂપે તેની સ્થાપના - શ્રીજીમહારાજે જે સિદ્ધાંત આપ્યો તે જ સિદ્ધાંત મુજબ ગુણાતીતાનંદ સ્વામી વર્ત્યા છે. જરા પણ સિદ્ધાંત બાબત સ્વામીએ બાંધછોડ કરી નથી. ત્યારબાદ ભગતજી મહારાજથી લઈને વર્તમાનકાળે સ્વામીશ્રી સુધી કોઈ ગુરુએ આ સિદ્ધાંતમાં લેશ પણ શિથિલતા આવવા દીધી નથી - બાંધછોડ કરી નથી. (૩) પંચવર્તમાન, ધન-સ્ત્રીનો અષ્ટપ્રકારે ત્યાગ વગેરેમાં આ ગુરુપરંપરા અજોડ - પંચવર્તમાનમાં સહેજ પણ ઢીલાશ નહિ - ચૂક નહિ - ગુણાતીતાનંદ સ્વામીથી પ્રમુખસ્વામી મહારાજ સુધીના પ્રસંગો લઈ શકાય. (૪) સાધુતા, ક્ષમા, ઉદારતા, સહનશીલતા, ધીરજ, પોતાના અનુયાયીઓ માટે હેત વગેરે ગુણોથી વિભૂષીત ગુરુપરંપરા (પ્રસંગો) (૫) હરિભક્તો માટે, સંતો માટે સમર્પિત ગુરુપરંપરા, દેહનો અનાદર, ત્યાગ-વૈરાગ્ય, હરિભક્તો સંતોના કલ્યાણ માટે અવિરત વિચરણ, કથાવાર્તા, પધરામણી, વ્યાવહારિક પ્રશ્નોના ઉકેલ આપે. (પ્રસંગો) (૬) આશરે દોઢ સદીથી પણ વધુ સમયથી ચાલી આવતી આ ગુરુપરંપરામાં વર્તમાનકાળે સત્સંગ લીલો પલ્લવ - સત્સંગનો અભૂતપૂર્વ વિકાસ માટે આવી ગુરુપરંપરા વિશ્વમાં ક્યાંય જોવા મળતી નથી - પ્રગટ ગુરુની પરંપરા અદ્વિતીય (પ્રસંગો)

**૨. જીવનપથના માર્ગદીપકો - શાસ્ત્રો :** ईशा वास्यम् इदं सर्वम् । ઈશા વાસ્યમના ઉપદેશો - અન્ય પ્રમાણો દ્વારા દૃઢતા - વ્યાપકતાનો વિસ્તાર - ઈશા વાસ્યમનાં જીવંત ભાષ્યો - શોક માત્ર ટળી જાય, શાશ્વત આનંદ પમાય - જીવતાં જ મુક્તિ અનુભવીએ - ભોગવો પણ ત્યાગને ભૂલીને નહિ - કર્મોને સેવાનો દરજ્જો મળી જાય - આ હરિભક્તોમાં રહી મહારાજ જમે છે. પીરસવાની ક્રિયામાં ઈશા વાસ્યમની ભાવના ભળી - ફળશ્રુતિ : કર્મના બંધન લાગતાં નથી - જ્ઞાન અને કર્મનો સહભાવ - દિવ્ય અને નમ્ર પ્રાર્થનાઓ - સત્યનું મુખ ઉઘાડો - આ બ્રહ્મ તે હું બનું - મને ભૂલશો નહિ - આપને નમસ્કાર હો.

આપણા સંપ્રદાયનાં શાસ્ત્રો વચનામૃત, સ્વામીની વાતો આપણા માટે જીવનપથના માર્ગદીપક - શિક્ષાપત્રી - સર્વજીવહિતાવહ - ભગવાન અને સંતના જીવનચરિત્રો - તેમાંથી પ્રેરણા મળે. તેમના જેવા ગુણોનું વાંચન કરવાથી આપણામાં તેવા ગુણો આવે - ધીરજ, સહનશીલતા વગેરે ગુણો શીખાય, સંતોનાં જીવનચરિત્રોથી અનેકનાં જીવન ઉર્ધ્વગામી બન્યાં છે. (પ્રસંગો) શાસ્ત્રોમાંથી ભગવાન અને સંતનો મહિમા સમજાય - તેથી જીવનપથ પર આપણે સારી રીતે વિકાસ કરી શકીએ. માટે જ શાસ્ત્રો એ જીવનપથના માર્ગદીપકો છે.

૩. **ઘરને આદર્શ બનાવવામાં મારું યોગદાન :** (૧) ઘરની વ્યાખ્યા : ઘર એટલે ફક્ત ચાર દિવાલ અને ઉપર છાપરું જ નહિ - પરંતુ ઘર એટલે જેમાં રહેનારને સુખ, શાંતિ, આરામનો અનુભવ થાય. (૨) બહારથી નોકરી, ધંધેથી આવનારને જ્યાં 'હાશ' થાય, નિરાંત થાય તેનું નામ આદર્શ ઘર - ઘરને આદર્શ બનાવવામાં મારું યોગદાન શું ? - પહેલાના સમયમાં સાંજે કે રાત્રે ઘરનાં બધાં સભ્યો સાથે બેસે, રામાયણ, મહાભારતનાં શાસ્ત્રોનાં પ્રસંગોની વાત કરે, એકબીજા સાથે ઘડીક વાતો કરીને પછી સૂઈ જતા. (૩) વર્તમાનકાળે અર્વાચીન ઇન્ટરનેટના યુગમાં ઘરની શાંતિ હણાઈ ગઈ છે. ટેલિવીઝન અને મીડીયા દ્વારા ઝેર ઓકતા સમાચારો, ધારાવાહિકોથી ઘરની શાંતિ હણાઈ છે - પ્રસંગો - બાળકો - કિશોરોના કુમળા માનસ પર ટેલિવીઝનની વિપરીત અસરો - તેને કારણે ઘરનો દરેક સભ્ય પોતાની રીતે સ્વતંત્ર જીવન જીવવા માટે તત્પર - ધારાવાહિકોથી ઘરમાં કંકાસ, કજિયા, અશ્લીલતા-સમાચારપત્રો વગેરેના કારણે ચારિત્ર્ય-ખંડન - ઘરની શાંતિનું નિકંદન. (પ્રસંગો) (૪) આ બધાથી સમાજને તેમજ ખાસ કરીને સ્વામીશ્રીએ આદેશ આપ્યો ઘરસભાનો - ઘરસભાથી જ શાંતિ થશે, સુખ મળશે - ઘરમાં શાંતિ હોય, કથા-વાર્તા થાય, ભક્તિસભર વાતાવરણ હોય તો તેમાં દેવતાઓનો વાસ થાય - ભગવાનનો સદાકાળ નિવાસ થાય - ઘરસભાથી થતા ફાયદા - સ્વામીશ્રીનાં, સદ્‌ગુરુ સંતોના વકતવ્યો, વિધાનો - (હરિભક્તોના પ્રસંગો) ઘરસભા એ ઘરની શોભા. (૫) ઘરને આદર્શ બનાવવામાં મારું યોગદાન શું ? તો ડૉક્ટર સ્વામીના સૂત્ર મુજબ સાથે બેસીને ઘરના સભ્યોના પ્રશ્નોની વિચારણા કરતું મિલન - એકબીજાની ભૂલ પ્રત્યે માફી - એકબીજાને મદદરૂપ થવું - ઘરનાં તમામ સભ્યોનો મહિમા સમજવો - આમ સ્વામીશ્રીની આજ્ઞા અદ્ધર ઝીલીને આ માર્ગે ઘરને આદર્શ બનાવવા માટે હું આગળ વધીશ, ઘરસભા કરીશ.

❑ ❑ ❑